PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા–૦૪/૧૭–૧૮/2912-2 તા 09-03-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રવજીભાઈ આંબાભાઈ સખીયા,
સરદાર પટેલ નગર
નચિકેતા એજ્યુકેશન ટ્રસ્ટ
જસદણ

વિષય :–ઓડિટ રીકવરી ની રકમ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૧/ક્વા–૦૪/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, જસદણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પોઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૨૧/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૮–૦૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રવજીભાઈ આંબાભાઈ સખીયા, ગામ: જસદણ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પુત્ર સંજયભાઈ આંબાભાઈ સખીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, જસદણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :પી.જે. મહેતા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ**

## : હુકમ :

**ફરીયાદ : ઓડિટ રીકવરી ની રકમ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, માહે નવેમ્બર –૧૫ ના માસ મા કોઈપણ કારણોસર – ના ફોલ્ટ થી મીટર ફાસ્ટ ફરતુ જણાયેલ હોવાથી – તા.૩૦–૧૧–૧૫ ના રોજ – ફાસ્ટ મીટર ની અરજી કરેલ હતી, જે અરજી ના અનુસંધાને મીટર બદલાવી અને તેઓને ત્રણ તારીખો મા બોલાવવા માટે ની જાણકારી મળેલ ન હતી. તેમજ, તા.૧૮–૦૧–૧૬ ના રોજ ઈસ્યુ થયેલ પત્ર મળેલ – કે જેમા તેઓનુ મીટર ફાસ્ટ ઓકે જણાવેલ હતુ. ત્યારબાદ – હાલ મા તેઓને ઓડિટ રીકવરી અંગે નુ બીલ રૂ.૩૫,૩૧૩/૦૯ નુ બીલ અપાયેલ છે. જે ૦૨ વર્ષ મા તેઓનુ બાકી લેણુ કયારેય વીજબીલ મા દર્શાવેલ ન હતુ. કે કોઈપણ પ્રકાર ની લેખીત જાણકારી અપાયેલ નથી. વધુમા – તેઓનુ બીલ સરેરાશ રૂ.૫૦૦૦ આવે છે. તેમજ, પીજીવીસીએલ દ્વારા અપાયેલ – ઓડિટ રીકવરી નુ બીલ ભરપાઈ કરવા અંગે કોઈપણ પ્રકારની ના પાડેલ ન હોવા છતા – તેઓનુ વીજ જોડાણ તા.૧૩–૦૧–૧૭ ના રોજ કાંપી નાંખવામા આવેલ હતુ. સદર બાબતે – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુઆત કરતા – નોટીસ મુજબ – અપાયેલ વીજબીલ ની ૫૦% રકમ ભરપાઈ કરવા જણાવેલ – તેમજ રી–કનેકશન ની ફી ભરપાઈ કરવા જણાવેલ – જે, તેઓએ તા.૧૬–૦૧–૧૮ ના રોજ ચેક થી ભરપાઈ કરી આપેલ. આમ, સદર ભુલ પીજીવીસીએલ દ્વારા થયેલ હોય છતા, અન્યાયી રકમ દંડ સાથે ભરવી પડેલ હોય – ભરપાઈ કરેલ રકમ મજરે મળે તે બાબતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧)અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી – વિભાગીય કચેરી ના પત્ર નં. – ૨૫૬૩ તા.૨૬–૦૨–૧૮ મુજબ જણાવાયેલ કે, અરજદાર શ્રી <u>રવજીભાઈ આંબાભાઈ સખીયા, ગામ: જસદણ</u> નુ વીજ જોડાણ નં.: ૩૪૯૦૧/૦૪૬૧૯/૫ થી ધરાવે છે. અરજદાર દ્વારા તા.૦૧–૧૨–૧૫ ના રોજ મીટર ફાસ્ટ ફરતુ હોવાની અરજી – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રૂ.૧૫૦/– રસીદ નં: ૪૩૫૮૭૮ થી ભરપાઈ કરેલ છે. જે અન્વયે – અરજદાર નુ મીટર તા.૦૫–૧૨–૧૫ ના રોજ ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરી મા બદલી આપવામા આવેલ હતુ, અને સદર મીટર ની – મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા ચકાસણી કરવા માટે – અરજદાર ને હાજર રહેવા માટે તા.૨૧–૧૨–૧૫, તા.૨૮–૧૨–૧૫ અને તા.૦૪–૦૧–૧૬ અપાયેલ હતી. જેમા – અરજદાર હાજર ન રહેતા – એક તરફી મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા તા.૧૮–૦૧–૧૬ ના રોજ ચંકાસણી કરવામા આવેલ હતી. તે મુજબ – મીટર બરાબર છે, તેમજ મીટર મા કોઈ ખામી જણાયેલ ન હતી. અને લેબ રીપોર્ટ મુજબ – રીડીગ ૧૦૦૫૩ યુનીટ જણાયેલ છે.<br>• (૨)ત્યારબાદ – ઓડિટ વર્ષ–૨૦૧૫ –૧૬ દરમ્યાન – પત્ર નં: ૧૦૮ તા.૦૩–૧૦–૧૭ મુજબ – પેરા નં.: ૧.૪ મુજબ– લેબ રીપોર્ટ મુજબ – રીડીગ ૧૦૦૫૩ યુનીટ અને લેજર રીપોર્ટ મુજબ – રીડીગ ૪૨૭૧ યુનીટ છે. આમ, પેન્ડીગ યુનીટ ૫૭૭૨ મુજબ – ઓડિટ રીકવરી અંગે નુ બીલ રૂ.૩૫,૩૧૩/૦૯ નુ બીલ – તા.૦૬–૧૧–૧૭ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલવામા આવેલ હતુ, જે ગ્રાહકે સ્વીકારેલ હતુ. |

- (૩)સદર ગ્રાહક ના પી.આર.ટી.–૧૪૫ અને પી.આર.ટી.–૮૮૪ મુજબ – ગ્રાહક નો સરેરાશ વીજવપરાશ – વર્ષ–૨૦૧૪ મા ૭૭૬ યુનીટ અને વર્ષ–૨૦૧૫ મા ૩૩૫ યુનીટ, વર્ષ–૨૦૧૬ મા ૮૫૦ યુનીટ અને વર્ષ–૨૦૧૭ મા ૮૯૩ યુનીટ મુજબ વીજવપરાશ થયેલ છે. વધુમા – અરજદાર દ્વારા બીલ ની ૫૦% રકમ તા.૧૬–૦૧–૧૮ ના રોજ રસીદ નં: ૬૧૩૧૨ થી રૂ.૧૭,૫૦૦/– ભરપાઈ કરેલ છે. અને બાકી ની રકમ ના બે હપ્તા કરી આપેલ છે. આમ, અરજદાર ને અપાયેલ વીજબીલ યોગ્ય છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧**

- (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર શ્રી રવજીભાઈ આંબાભાઈ સખીયા, ગામ: જસદણ નુ વીજ જોડાણ નં.: ૩૪૯૦૧/૦૪૬૧૯/૫ થી – ૦૨ કીવો નુ જી.એલ.પી. ટેરીફ હેઠળ ધરાવે છે. અરજદાર દ્વારા તા.૦૧–૧૨–૧૫ ના રોજ મીટર ફાસ્ટ ફરતુ હોવાની અરજી – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રૂ.૧૫૦/– રસીદ નં: ૪૩૫૮૭૮ થી ભરપાઈ કરેલ છે. જે અન્વયે – અરજદાર નુ મીટર તા.૦૫–૧૨–૧૫ ના રોજ ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરી મા બદલી આપવામા આવેલ હતુ,જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.05.12.15 | New Meter Dt. 05.12.15 | Old Meter-As per MTLab Dt.18.01.16 |
|---|---|---|---|
| Make | HPL | HPL | HPL |
| Meter No | 01607870 | 02899311 | 01607870 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 10052 | 00002 | 10053 |
| REMARKS | પર્ફોમા –૧૫ નંબર: ૧૬૫૮ – મુજબ જોડેલ કુલ વીજભાર ૧૫૫૦ વોટ બતાવેલ છે. | | As per dial test result -0.29%, |

- (૨)સદર મીટર ની – મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા ચકાસણી કરવા માટે – અરજદાર ને હાજર રહેવા માટે તા.૨૧–૧૨–૧૫, તા.૨૮–૧૨–૧૫ અને તા.૦૪–૦૧–૧૬ અપાયેલ હતી. જેમા – અરજદાર હાજર ન રહેતા – એક તરફી મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા તા.૧૮–૦૧–૧૬ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતી. તે મુજબ – મીટર બરાબર છે, તેમજ મીટર મા કોઈ ખામી જણાયેલ ન હતી. અને લેબ રીપોર્ટ મુજબ – રીડીગ ૧૦૦૫૩ યુનીટ જણાયેલ છે.
- (૩) અરજદાર દ્વારા ફાસ્ટ મીટર ની અરજી કરેલ હોય – તેમ છતા, તેઓ મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા ત્રણેય તારીખો મા જાણકારી હોવા છતા – હાજર રહેલ નથી, વધુમા – અરજદાર શ્રી નુ જોડાણ એક શૈક્ષણિક સંસ્થા હોય – જેમા હિસાબો રાખવામા આવતા હોય તે સ્વભાવિક છે, તેમજ મીટર ચકાસણી બાબતે નો રીપોર્ટ – જે તે સમયે કે ત્યારબાદ અરજદાર દ્વારા માંગવામા આવેલ હોય – તેવો કોઈ જ ઉલ્લેખ નથી.
- (૪) સદર અરજદાર નો વીજવપરાશ પી.આર.ટી.–૧૪૫ પ્રમાણે – નીચે મુજબ જણાયેલ છે.

| Month/ Year | 2013 | | 2014 | | | 2015 | | | 2016 | | | 2017 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | unit |
| Dec,Jan | 8270 | 230 | 11270 | | 390 | 3452 | | 480 | 892 | C- O- 4281, N -02 | 890 | 6232 | 690 |
| Feb, Mar | 8600 | 330 | 11993 | | 723 | 3781 | | 329 | 1972 | | 1080 | 6662 | 430 |
| Apr,May | 8890 | 290 | 12563 | | 570 | 3781 | | 0 | 2652 | | 680 | 7890 | 1228 |
| Jun,Jul | 9580 | 690 | 12563 | C- O- 12563, N -02 | 2 | 4281 | | 500 | 3452 | | 800 | 9090 | 1200 |
| Aug,Sep | 10180 | 600 | 1692 | | 1690 | 4281 | L | 350 | 4322 | | 870 | 9680 | 590 |
| Oct, Nov | 10880 | 700 | 2972 | | 1280 | 4281 | L | 350 | 5542 | L | 780 | | |
| Total | | 2840 | | | 4655 | | | 2009 | | | 5100 | | 4138 |

- (૫)અરજદાર ના ઉપરોકત પી.આર.ટી.–૧૪૫ મુજબ – માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ મા મીટર રીડર / સીનીયર કલાર્ક બીલીગ ના કર્મચારી મુજબ તા.૦૪–૧૨–૧૫ મુજબ – જુના મીટર ના છેલ્લા રીડીગ – ૪૨૮૧ મુજબ બીલ આપેલ છે. જયારે ચેકીગ શીટ તા.૩૧–૦૧–૧૬ મુજબ – ૧૦૦૫૨ રીડીગ જણાયેલ છે.

- (૬)મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં. (૨) મુજબ ની વિગતે – પેન્ડીગ યુનીટ ૫૭૭૨ મુજબ – ઓડિટ રીકવરી અંગે નુ બીલ રૂ.૩૫,૩૧૩/૦૯ નુ બીલ અપાયેલ છે, તે યોગ્ય છે.
- (૭)જે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૬–૧૧–૧૭ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલવામા આવેલ હતુ, જે રકમ ગ્રાહકને દિન–૦૭ મા ભરપાઈ કરવા માટે લેખીત મા જણાવાયેલ હતુ. પરંતુ, અરજદાર દ્વારા સદર સમયમર્યાદા મા રકમ ભરપાઈ ન થતા – તેમજ પીજીવીસીએલ ની સબંધક કચેરીનો સંપર્ક પણ કરેલ ન હોય – જેથી, અરજદાર નુ વીજ જોડાણ તા.૧૩–૦૧–૧૭ ના રોજ – વીજ જોડાણ પીજીવીસીએલ દ્વારા – ડીસકનેકટ કરાયેલ હતુ. આમ, અરજદાર ને પુરતો સમય આપવામા આવેલ હતો, તેમ ફલીત થાય છે.
- (૮)સદર બાબતે – પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.: ૮૪૮ તા.૧૫–૦૨–૧૮ – જે ફોરમ અને અરજદાર ને ઉદેશીને લખેલ– જેમા જણાવેલ કે – સદર બાબત કામના ભારણ ના લીધે – લેબ રીપોર્ટ ઓકે હોવાથી – જેતે સમયે – જુ.આસી. દવારા આ રકમ ડેબીટ કરવાની રહી ગયેલ હતી. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર બાબતે કોઈ કર્મચારી ઉપર હજુસુધી કોઈ કાર્યવાહી કરેલ હોય તેવો ઉલ્લેખ કરાયેલ નથી.
- (૯)આમ, અરજદાર ને આપવામા આવેલ પેન્ડીગ યુનીટ નુ બીલ – બાબતે મીટર રીડર અથવા / અને જવાબદાર સીનીયર કલાર્ક કે કસુરવાર કર્મચારી સામે – વીજબીલ મા ક્ષતિ બાબતે ની સદર ભુલ ના ભાગરૂપ – કંપની ના નિયમ મુજબ – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ – શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના – પેટા મુદદા નં. (૩) થી (૬) મુજબ ની વિગતે – અરજદાર ને આપવામા આવેલ ઓડિટ રીકવરી અંગે નુ સદર બીલ નિયમાધીન હોય – તે અરજદાર ને ભરપાઈ કરવા પાત્ર હોવાની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |
| **૪.૨** | તેમજ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના – પેટા મુદદા નં. (૮) અને (૯) મુજબ ની વિગતે – યોગ્ય કાર્યવાહી કરી – અત્રેના ફોરમ ને જાણકારી આપવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.